**અમદાવાદ સીટીના ૨૫ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં,**

**ક્રિ.કેસ નં.૧૪૩૬૮૫/૨૦૨૪**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ :– (૧) સલમાન રહીમભાઈ મનસુરી (૨) મહેશભાઈ માનસીંગભાઈ ઠાકોર
(૩) અતુલકુમાર અમરાજી ઝાલા (૪) ઈકબાલભાઈ સુલેમાનભાઈ મનસુરી
(૫) વિશાલ બળદેવજી ઠાકોર (૬) પ્રહલાદ રમણભાઈ ઠાકોર
(૭) જીગનેશ સરદારજી રાઠોડ (૮) અનીલ પ્રવિણભાઈ ઠાકોર
(૯) વિજય વિષ્ણુભાઈ રાવળ (૧૦) દિપક ચીમનજી ઝાલા
(૧૧) ગીરીશ સોમાજી ઠાકોર (૧૨) અમરત ભરતજી ઠાકોર
(૧૩) દિલીપ બાબરભાઈ ઠાકોર (૧૪) રાજેશભાઈ સુરસંગજી ઠાકોર
(૧૫) તુષાર દિનેશભાઈ રાઠોડ (૧૬) ભરતભાઈ કનુભાઈ ઠાકોર
(૧૭) જયેન્દ્રભાઈ ભલાજી ઠાકોર (૧૮) અલ્તાફ આરીફઅલી સૈયદ
(૧૯) વિજય બાબુજી ઠાકોર (૨૦) પલાજી ભીખાજી ઠાકોર
(૨૧) જીગ્નેશ રાણાભાઈ ભરવાડ (૨૨) ભાવેશ ચીમનજી ઝાલા

ગુન્હો :– ધી જુગાર ધારાની કલમ ૧૨ મુજબ.

આ કામના આરોપીઓ આજરોજ હાજર છે. પોલીસ પેપર્સની નકલો આપી, પ્લી લેતાં તથા કબુલાતની પુરશીસ વંચાણે લેતાં આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. તેઓની રજુઆત પ્રથમ ગુન્હો, સામાન્ય આર્થિક સ્થિતિ હોવાનું તથા કૌટુંબિક સ્થિતિ અંગે રજુઆત સાંભળી. વળી, જો કેસ ચાલે તો વર્ષો સુધી કોર્ટમાં ધકકા ખાવા પડે, તેથી ઓછી સજા કે દંડ થાય તે માટે પણ ગુનો કબુલ કરવામાં આવે છે. વળી, સજાનો હુકમ થાય તો જેલમાં અન્ય રીઢા ગુન્હેગારના સંપર્કમાં આવે અને તે પોતે પણ રીઢો ગુનેગાર બને. તે પરિસ્થિતિમાં સજાનો હેતુ માર્યો જાય. તેવી તમામ હકીકતો ઘ્યાને લઈ આરોપીઓ ની ગુનાની વિગત, સ્વેચ્છાપૂર્વકની કબુલાત તથા તેઓની આર્થિક, સામાજીક, કૌટુંબિક સ્થિતિને

લક્ષમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામના પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે ધી જુગાર ધારાની કલમ (૧૨) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા. ૫૦૦/–× ૨૨ = ૧૧૦૦૦/– ( અંકે રૂપિયા અગીયાર હજાર પુરા ) દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરપાઈ ન કરે તો દિન– ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન અને મોબાઈલ બાબતે અગાઉ જો વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાના તબકકે મુદ્દામાલ વાહન અને મોબાઈલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી માલિકીની ખરાઈ કરી મુદ્દામાલ વાહન અને મોબાઈલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલના નાણાં અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે જયારે કબજે કરેલા પાના અને અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪
અમદાવાદ.

(કુ.રૂચિતા વિકાસ રાજે)
૨૫ માં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી
કોડ નં.જી.જે.૦૧૦૪૮